# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

*****************************************************

1) ભારત અને સિંગાપુરના રાષ્ટ્પતિ વચ્ચે નવી દિલ્હી ખાતે યોજાયેલી બેઠકમાં દ્વિપક્ષિય સંબંધો વધુ સુદ્રઢ બનાવવા સંમત થયા

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025નું ઉદ્ઘાટન કરશે

3) આ વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્ટો મુખ્ય મહેમાન બનશે

4) દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ

5) ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર સંગમ પર મહાકુંભમાં છ દિવસમાં સાત કરોડ ભક્તોએ સ્નાન કર્યું

6) દેશની ઇલેક્ટ્રોનિક્સ નિકાસ વધીને બે વર્ષની ઊંચી ટોચની સપાટીએ પહોંચી

.........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV EVE SINGAPORE PREZ-VISIT

સિંગાપોરના રાષ્ટ્રપતિ થરમન શનમુગરત્નમે ગઇકાલે સાંજે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે દ્વિપક્ષિય ચર્ચા કરી હતી. આ ચર્ચામાં ભારત અને સિંગાપોર વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા થઈ હતી. બેઠક દરમિયાન, રાષ્ટ્રપતિ મુર્મુ અને રાષ્ટ્રપતિ શનમુગરત્નમે બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 60મી વર્ષગાંઠની ઉજવણી માટે એક સંયુક્ત લોગોનું અનાવરણ કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ પણ સિંગાપોરના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી.

સિંગાપોરના રાષ્ટ્રપતિ ભારતની પાંચ દિવસની મુલાકાતે છે. સિંગાપોરના રાષ્ટ્રપતિ તરીકે આ તેમની ભારતની પ્રથમ મુલાકાત છે. તેઓ આજથી ઓડિશાની બે દિવસની મુલાકાતે આવશે.

# PREZ - NATIONAL SPORTS AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2024 એનાયત કરશે.

વિશ્વ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ, પેરિસ ઓલિમ્પિક્સમાં પ્રથમ વખત બે ચંદ્રક વિજેતા મનુ ભાકર, ભારતીય હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરિસ પેરાલિમ્પિક્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા પ્રવીણ કુમારને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

32 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર આપવામાં આવશે. તેમાં એથ્લેટ્સ જ્યોતિ યારાજી અને અન્નુ રાની, બોક્સર નીતુ અને સવીતી, ચેસ ખેલાડી વાંતિકા

અગ્રવાલ, હોકી ખેલાડીઓ સલીમા ટેટે, અભિષેક, સંજય, જર્મનપ્રીત સિંહ અને સુખજીત સિંહ ,પેરા તીરંદાજ  રાકેશ કુમાર, પેરા એથ્લેટ્સ પ્રીતિ પાલ, જીવનજી દીપ્તિ, અજિત સિંહ અને સચિન ખિલારીને પણ અર્જુન પુરસ્કાર આપવામાં આવશે.

પીઢ ખેલાડી સુચા સિંહ અને અનુભવી પેરા સ્વિમર મુરલીકાંત પેટકરને આજીવન અર્જુન પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવશે.

## BHARAT MOBILITY GLOBAL EXPO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025નું ઉદ્ઘાટન કરશે. છ દિવસના આ એક્સ્પોમાં નવ શો, 20 થી વધુ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, એક્સ્પોમાં ઉદ્યોગ અને પ્રાદેશિક સ્તર વચ્ચે સહયોગને સક્ષમ બનાવવા માટે રાજ્યોના સત્રો પણ યોજાશે.

આ વર્ષના એક્સ્પોમાં વિશ્વભરના પ્રદર્શકો અને મુલાકાતીઓની ભાગીદારી સાથે વૈશ્વિક મહત્વ પર ખાસ ભાર મૂકવામાં આવશે.

## MORN. REPUBLIC DAY-CHIEF GUEST

આ વર્ષે 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્ટો મુખ્ય મહેમાન બનશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર, રાષ્ટ્રપતિ સુબિયાન્ટો 25 અને 26 જાન્યુઆરીએ ભારતની  મુલાકાત લેશે. વિદેશ મંત્રાલય અનુસાર, ઓક્ટોબર 2024 માં પદ સંભાળ્યા પછી રાષ્ટ્રપતિ

પ્રબોવોની આ ભારતની પ્રથમ મુલાકાત હશે. તેમની આ મુલાકાત દરમિયાન બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને સુદ્રઢ કરવા અંગેની ચર્ચા થશે, બંન્ને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે.

ભારત અને ઇન્ડોનેશિયા ઉષ્માસભર  અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. એક વ્યાપક વ્યૂહાત્મક ભાગીદાર તરીકે, ઇન્ડોનેશિયા ભારતની એક્ટ ઇસ્ટ પોલિસી અને ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.

# NEET (UG) - OMR BASED

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ NEET-UG 2025 એક જ દિવસે અને એક જ શિફ્ટમાં પેન અને પેપર મોડ ,OMR આધારિતમાં લેવામાં આવશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી તમામ તબીબી સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ મેડિકલ શિક્ષણમાં પ્રવેશ માટે NEET (UG) પરીક્ષાનું આયોજન કરી રહી છે.

# DELHI NOMINATION

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે. અત્યાર સુધીમાં કુલ આઠસો ૪૧ ઉમેદવારીપત્રો ભરાયા છે. આ મહિનાની ૧૦મી તારીખે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી, જ્યારે ઉમેદવારો સોમવાર સુધી પોતાના ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકશે. દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન ૫મી ફેબ્રુઆરીએ યોજાશે, અને મતગણતરી ૮ ફેબ્રુઆરીએ થશે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH 2025

**ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર સંગમ પર મહાકુંભ 2025માં છ દિવસમાં સાત કરોડ ભક્તોએ સ્નાન કર્યું છે.**

**પ્રયાગરાજમાં ભારે ઠંડી હોવા છતાં, ભક્તોના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી. દેશ અને દુનિયાભરમાંથી લાખો ભક્તો દરરોજ શ્રદ્ધા અને આસ્થા સાથે પવિત્ર ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. ગઇકાલે સાંજે 6 વાગ્યા સુધી મળેલી માહિતી અનુસાર ત્રિવેણી સંગમમાં અંદાજિત 30 લાખથી વધુ લોકોએ સ્નાન કર્યું હતું. મહાકુંભના બે દિવસ પહેલા, એક કરોડથી વધુ લોકોનો સ્નાન કરવાનો રેકોર્ડ નોંધાયો હતો તથા પોષ પૂર્ણિમા સ્નાન ઉત્સવના અવસર પર અંદાજિત પોણા 2 કરોડ લોકોએ સ્નાન કર્યું હતું.**

ઉલ્લેખનીય છે કે, ઉત્તરપ્રદેશ સરકારનો અંદાજ છે કે આ વખતે મહાકુંભમાં 45 કરોડથી વધુ લોકો ભાગ લેશે.

# MORN. ELECTRONICS- EXPORT

ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસમાં વધારો થયો છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર ડિસેમ્બર 2024 માં ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસ 35.11 ટકા વધીને 3.58 અબજ ડોલરની બે વર્ષની ઊંચી સપાટીએ પહોંચી છે, જે પાછલા વર્ષના સમાન મહિનામાં 2.65 અબજ ડોલર હતી. આ આંકડા  ઉચ્ચ મૂલ્યના ભારતીય માલની વિદેશી માંગમાં વધારો અને સ્થાનિક ઉત્પાદન ક્ષમતામાં વધારો દર્શાવે છે.

દેશની ઇલેક્ટ્રોનિક નિકાસ ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-ડિસેમ્બર સમયગાળામાં 28.6 ટકા વધીને 26.11 અબજ ડોલર થઈ છે, જે 2023-24 માં સમાન સમયગાળા દરમિયાન 20.3 અબજ ડોલર હતી. કેન્દ્રની ઉત્પાદન-સંલગ્ન પ્રોત્સાહન યોજનાની સફળતાને કારણે દેશમાં નવી ઉત્પાદન ક્ષમતાઓ ઉભી થતાં ઇલેક્ટ્રોનિક્સ માલ ભારતના નિકાસ બાસ્કેટમાં સૌથી ઝડપથી વિકસતા ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યો છે.

ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રની અંદર સ્માર્ટફોન નિકાસમાં 45 ટકાનો વધારો નોંધાયો છે કારણ કે એપલ અને સેમસંગ જેવા અગ્રણી ઔદ્યોગિક જૂથો દેશમાં ઉત્પાદનને વધારી રહ્યા છે.

# BADMINTON - INDIA OPEN

ઇન્ડિયા ઓપન બેડમિન્ટનમાં, ભારતીય ખેલાડી પીવી સિંધુ આજે મહિલા સિંગલ્સ ક્વાર્ટરફાઇનલમાં ઇન્ડોનેશિયાની ગ્રેગોરિયા મારિસ્કા તુનજુંગ સામે ટકરાશે. જ્યારે કિરણ જ્યોર્જ આજે પુરુષોની સિંગલ્સ ક્વાર્ટરફાઇનલમાં ચીનના વેંગ હોંગયાંગ સામે રમશે. વધુમાં, ભારતીય પુરુષોની જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી પણ આજે દક્ષિણ કોરિયાની જોડી જિન યોંગ અને કાંગ મિન-હ્યુક સામે ક્વાર્ટરફાઇનલમાં રમશે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પીવી સિંધુએ જાપાની શટલર મનામી સુઇઝુને 21-15, 21-13 થી હરાવીને ટોચના આઠ મુકાબલામાં પ્રવેશ કર્યો છે. કિરણ જ્યોર્જે ફ્રેન્ચ ખેલાડી એલેક્સ લેનિયરને 22-20, 21-13 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છેઃ.

# FOOTBALL - ISL

ઇન્ડિયન સુપર લીગ (ISL) ફૂટબોલમાં, આજે જમશેદપુરના જેઆરડી ટાટા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે જમશેદપુર ફૂટબોલ ક્લબ, મોહન બાગન સુપર જાયન્ટ સામે ટકરાશે. મેચ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ગઈકાલે રાત્રે નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે પંજાબ અને મુંબઈ સિટી વચ્ચે રમાયેલી મેચ 1-1 થી ડ્રો થઈ હતી. મુંબઈ સિટી હાલમાં 24 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે, જ્યારે પંજાબ 20 પોઈન્ટ સાથે 8મા સ્થાને છે. જ્યારે મોહન બાગન સુપર જાયન્ટ હાલમાં પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે અને જમશેદપુર ચોથા સ્થાને છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

- આઠમા પગારપંચની રચનાના સમાચારને મોટાભાગના અખબારોએ મુખ્યશીર્ષક બનાવ્યા છે. દિવ્ય ભાસ્કર લખે છે, સરકારી નોકરી કરનારા આઠમા આસમાને. સંદેશે "સરકારી કર્મચારીઓ આનંદો- આઠમા પગારપંચની રચના, 2026થી અમલ"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, આઠમા પગારપંચની રચનાની જાહેરાત- કેન્દ્રના એક કરોડ 15 લાખ કર્મચારી અને પેન્શનરોને લાભ. નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, એક્ટર સૈફ 'અનસૅફ': ઘરમાં જ છરીના છ ઘા ઝીંકાયા. તો ફૂલછાબે "હિન્ડનબંધ- હિંડનબર્ગ રિસર્ચે બિસ્તરા પોટલા બાંધ્યા." ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.
- નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે, ગૌણ સેવા ભરતી પરીક્ષાના પેપર-સિલેબસ ગુજરાતીમાં પણ મળશે.
- દિવ્ય ભાસ્કરે "ગુજરાતનો દરિયાકાંઠો 700 કિલોમીટર વધી ગયો, 1,600 કિલોમીટરથી વધીને હવે 2 હજાર 300 કિલોમીટર થયો"ના શીર્ષક સાથે વિશેષ અહેવાલ પ્રકાશિત કર્યો છે.
- રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે, અદાણી પર રિપોર્ટ સે સિયાસી બવંડર ખડા કરનેવાલી હિન્ડનબર્ગ હોગી બંધ.